# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ – ૧૪૪ હેઠળ હુકમ

Inward No.: 321
Section: Est
Date: 9-4-15

નં.પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર./25
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
આણંદ. તા.05/4/૨૦૧૫

કોઈપણ સમાજ ત્યારે સભ્ય ગણાય કે જયારે સમાજના તમામ વર્ગ શાંતી અને નિર્ભયતાથી પોતાનુ જીવન પસાર કરી શકે વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષીત સમજે અને નિર્ભય થઈને ઘર બહાર જઈ શકે અને હરી ફરી શકે તે ખૂબ જ જરૂરી છે. તેમ છતાં કેટલાક અનિષ્ટ તત્વો સ્કુલ / કોલેજ, પોતાના કામે એકલી જતી છાત્રા મહિલાઓને અશ્લીલ ચેનવાળા કરીને કે પીછો કરીને અશ્લીલ શબ્દોનો ઉચ્ચાર કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે અને અમુક કેસોમાં બળાત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જતાં હોય છે જેથી આવા બનાવોને બનતા અટકાવવા તેમજ મહીલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણસર સ્કુલો / કોલેજો / ટયુશન કલાસ તથા મહીલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષ / પુરૂષો વ્યાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ ની કલમ –૧૪૪ હેઠળ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તા.૧૬/૧૨/૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃએલઆઈબી / જાહેરનામુ / ૧૨૦૦/૧૪ થી દરખાસ્ત કરેલ છે. અગાઉના બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૩૧/૩/૧૫ ના રોજ પુર્ણ થાય છે.

વાસ્તે, હું ર્ડા. ધવલ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરુ છું કે આણંદ જિલ્લામાં આવેલ તમામ નર્સરી સ્કુલો / સ્કુલો / કોલેજો / ટયુશન કલાસ તથા મહીલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધીના જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષ / પુરૂષો વ્યાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવું છું

**અપવાદ :–**

(૧) નર્સરી સ્કુલો / સ્કુલો / કોલેજો / ટયુશન કલાસીસ તથા મહીલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ

(૨) નર્સરી સ્કુલો / સ્કુલો / કોલેજો / ટયુશન કલાસીસ તથા મહીલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ તથા ઓટો / વાન માલીકો – ડ્રાઈવરો ( જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ)

(૩) નર્સરી સ્કુલો / સ્કુલો / કોલેજો / ટયુશન કલાસીસ તથા મહીલા હોસ્ટેલ ઉપર વ્યાજબી કામથી આવતા વિદ્યાર્થીઓ તથા વાલીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ (સને ૧૮૬૦ નો અધિનિયમ –૪૫ ) ની કલમ – ૧૮૮ હેઠળ ઉકત હુકમના ઉલ્લંધન બદલ શિક્ષાને પાત્ર થશે. કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રી આ જાહેરનામા ઉલ્લંધન બદલની કાર્યવાહી કરી શકશે.

આ હુકમ તા.૦૬/૦૪/૨૦૧૫ થી તા.૦૫/૦૫/૨૦૧૫ સુધી (૩૦ દિવસ) અમલમાં રહેશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારના સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેર ખબર આપીને પ્રસિધ્ધી કરવી અને ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આજ તા.૦૬/૪/૨૦૧૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

Rawal
6/4/15

(ડૉ. ધવલ પટેલ)
જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

(જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ)

૬૪૧
for N.A.

પ્રતિ,
મેનેજરશ્રી,
સરકારી મધ્યસ્થ પ્રેસ,વડોદરા.

૨/– સદરહું જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરીને તેની ૧૦ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

**<u>નકલ રવાના :</u>**

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, આણંદ તરફ

૨. પોલીસ અધિક્ષકશ્રી, આણંદ તરફ

૨/– અમલવારી કરાવવા સારૂ તથા જાહેરનામાની જાહેર પ્રસિધ્ધિ દરેક પોલીસ સ્ટેશનમાં કરાવી તેમ કર્યા બદલનો પ્રસિધ્ધિ રિપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, આણંદ / પેટલાદ / બોરસદ / ખંભાત તરફ

૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, આણંદ / પેટલાદ / ખંભાત તરફ

૫. પોલીસ ઈન્સ્પેકટરશ્રી,આણંદ(ટાઉન), આણંદ(રૂરલ), બોરસદ(ટાઉન), બોરસદ(રૂરલ), પેટલાદ (ટાઉન), પેટલાદ(રૂરલ), ખંભાત (ટાઉન), ખંભાત(રૂરલ), એસ.ઓ.જી.આણંદ

૬. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, ખંભોળજ, ઉમરેઠ, આંકલાવ, વાસદ, ભાદરણ,વિદ્યાનગર, વિરસદ, મહેળાવ, સોજીત્રા, તારાપુર, મહિલા પોલીસ સ્ટેશન, આણંદ તરફ

૭. નાયબ માહિતી નિયામકશ્રી, આણંદ તરફ

૨/– આઈટેમ ઓફ ન્યુઝ તરીકે વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

૮. જિલ્લા સરકારી વકીલશ્રી, આણંદ તરફ

૯. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આણંદ (શહેર), આણંદ(ગ્રામ્ય), ઉમરેઠ, આંકલાવ, બોરસદ, પેટલાદ, સોજીત્રા, તારાપુર, ખંભાત તરફ

૧૦. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, આણંદ

૨/– તમામ શૈક્ષણિક સંસ્થાઓને જાણ કરવા સારૂ.

૧૧. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, આણંદ

૨/– તમામ શૈક્ષણિક સંસ્થાઓને જાણ કરવા સારૂ.

૧૨. રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વિધાનગર

RAWAL273